# બજાજ ઇલેક્ટ્રિકલ્સનો નફો 8% વધ્યો

**મુંબઈ:** બજાજ ઈલેક્ટ્રિકલ્સે જુલાઈ-સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં ૮ ટકાની વૃદ્ધિ સાથે ₹૨૬.૯૨ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. અગાઉના વર્ષના સમાન ગાળામાં કંપનીનો ચોખ્ખો નફો ₹૨૪.૯૮ કરોડ હતો. સૂચિત ગાળામાં કંપનીનું ચોખ્ખું વેચાણ ૪.૭ ટકા વધીને ₹૭૩૩.૮૧ કરોડ થયું છે. કંપનીનો શેર ઘટાડા તરફી વલણ સાથે બીએસઇ પર ગુરુવારે ૪.૭ ટકા ઘટીને ૨૧૪.૭૦ રૂપિયાના મથાળે બંધ રહ્યો હતો.